જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૮/૨૦૨૨ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૩૯૦/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૪/૦૮/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૫ | ૪,૨૨,000/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | 00 | 00/- |

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

# કૃષ્ણનગર પો.સ્ટે વિસ્તારમાંથી તલવાર વડે કેક કાપતો વિડીયો વાયરલ થયેલ તે ઇસમને તલવાર હથીયાર સાથે ગણતરીના કલાકોમાં પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી હાલમા ચાલી રહેલ શ્રાવણ માસના પવિત્ર તહેવારોને લઇને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેમજ પ્રોહી/જુગારની પ્રવૃત્તી સદંતર નેસ્ત નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ તથા તાજેતરમાં વાયરલ થયેલ તલવાડ વડે કેક કાપતા વિડીયો ની તપાસ સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સા.નાઓની સુચના મુજબ સર્વેલંન્સ સ્કોર્ડ ના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તા.૦૫/૦૮/૨૦૨૨ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ પો.સ્ટે.વિસ્તારમાં ખાનગી કપડાઓમાં ક.૦૯/૩૦ થી પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ક.૧૧/૩૦ વાગે સૈજપુર ટાવર ખોડીયાર માતાના મંદિર પાસે જાહેર રોડ ઉપર હાજર રહી સદરી વિડીયો બાબતે ખાનગી રાહે તપાસ કરતા જન્મદિવસ નિમીતે તલવાર વડે કેક કાપતા વિડીયોમાં દેખાનાર ઇસમ નામે પ્રતિક ઉર્ફે સન્ની સ/ઓ ભગવાનભાઇ ગોવિંદભાઇ જાતે સોલંકી ઉ.વ.૨૨(જન્મ તા.૦૫/૦૮/૨૦૦૦) ધંધો-ડ્રાઇવીંગ રહે,સોલંકી ની ખડકી આંબેડકર હોલની પાસે સૈજપુર ટાવર ની પાછળ સૈજપુર બોઘા કૃષ્ણનગર અમદાવાદ શહેર નાને તેના રહેણાંક મુકામેથી પકડી પોતાની પાસે હથીયાર તલવાર રાખવા બાબતે તેણે મે,પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની કચેરીના જાહેરનામા ક્રમાંક/વિ,શા/જાહેરનામું/એ-સેકશન/૭૨/૨૦૨૨ તા.૨૬/૦૭/૨૦૨૨ ના જાહેરનામા નો ભંગ કરેલ હોય જેથી સદરી આરોપી ની ક.૧૩/૦૦ વાગે જી.પી.એકટ કલમ-૧૩૫(૧) મુજબથી અટક કરી તેની પાસેથી હથીયાર તલવાર પંચનામાં વિગતે કબ્જે કરી સારી કામગીરી કરેલ છે તા.૦૫/૦૮/૨૦૨૨

**આરોપીનું નામ સરનામુ**- પ્રતિક ઉર્ફે સન્ની સ/ઓ ભગવાનભાઇ ગોવિંદભાઇ જાતે સોલંકી ઉ.વ.૨૨(જન્મ તા.૦૫/૦૮/૨૦૦૦) ધંધો-ડ્રાઇવીંગ રહે,સોલંકી ની ખડકી આંબેડકર હોલની પાસે સૈજપુર ટાવર ની પાછળ સૈજપુર બોઘા કૃષ્ણનગર અમદાવાદ શહેર

**મુદ્દામાલ:-** એક તલવાર કિ.રૂ.૦૦/૦૦

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી**

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા તેઓની ટીમના માણસો એ.એસ.આઇ જીતેન્દ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં-૯૧૧૧ તથા અ.પો.કો અવિનાશસિંહ ઇન્દ્રસિંહ બ.નં-૧૦૬૬૩ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ બીજા સાથેના માણસો





# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## કાગડાપીઠ પોલીસ સ્ટેશન

## નિકોલ પોલીસ સ્ટેશનના મો.સા.ચોરીના ગુનાના આરોપીને મુદ્દામાલ સાથે પકડી પાડતી કાગડાપીઠ પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેરમાં બનતા ગુનાઓ અટકાવવા તથા ગંભીર ગુનાના આરોપીઓને શોધી કાઢવા મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન સાહેબ નાઓ તરફથી અવાર નવાર સુચના આપેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેકટરશ્રી એચ.સી.ઝાલા સાહેબ નાઓના સીધા માર્ગદર્શન મુજબ કાગડાપીઠ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ.શ્રી બી.એસ.રબારી તથા સ્ટાફના માણસો સાથે તા.૨૬/૦૭/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સબંધી ગુના શોધવા અને બનતા અટકાવવા સારૂ પેટ્રોલીગમાં હતા દરમ્યાન સ્ટાફના પો.કો.રાજેન્દ્રસિંહ ભાવસિંહ તથા પો.કો.દિવ્યરાજસિંહ પ્રતાપસિંહ નાઓને ખાનગી બાતમી હકીકત આધારે નિકોલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૫૨૨૦૫૧૭/૨૦૨૨ ધી ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબના ગુનાના કામે "નિકોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મો.સા.ચોરી કરનાર ઈસમ યોગેશસિંહ પોલસિંહ રાજપુરોહિત ઉ.વ.૨૧ રહે.ગામ-શાંથુ તા.જી.ઝાલોર રાજસ્થાન નાને એક મો.સા.નં.GJ-01-SZ-3816 ડ્રીમ યુગા સાથે પકડી સી.આર.પી.સી કલમ-૪૧(૧)(ડી) મુજબ કાયદેસરની કાર્યવાહી કરી નિકોલ પોલીસ સ્ટેશનનો ગુનો શોધી કાઢી પ્રશંનીય કામગીરી કરેલ છે.



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૯૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૩૮ લીટર દેશી દારૂ, ૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૧,૪૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૯૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૩૯૩/૨૦૨૨**

**ચાંદખેડાઃ** નીતાબહેન કનકકુમાર શાહ (રહે. નદંનવન કો.ઓ.હાઉસીંગ સોસાયટી આશારામ આશ્રમ ચોકડી મોટેરા ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૮/૨૦૨૨ સવારના ૧૧/૩૦ થી બપોરના ૨/૫૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળું ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી રોકડ રૂપિયા ૧૮,૦૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.રહેવર ચલાવે છે.

**શહેરકોટડાઃ** સલીનાબહેન પોર્લ ફર્નાન્ડિસ (રહે. બંગલા નંબર-૧ જી.એમ.કંપાઉન્ડ સરસપુર શહેરકોટડા) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૮/૨૦૨૨ સાંજના ૭/૩૦ થી તા.૦૪/૦૮/૨૨ કલાક ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળું ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૩,૩૮,૨૫૦/- અને રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૧૮,૨૫૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.બી.સાંખલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૯૪/૨૦૨૨**

**કૃષ્ણનગરઃ** જીતેન્દ્રભાઈ કાશીરામભાઈ પટેલ (ઉ.વ.૪૬) (રહે. તિરૂપતિ એપાર્ટમેન્ટ સરદાર ચોક પાસે કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૮/૨૦૨૨ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મારૂતિરાવ ચલાવે છે.

**બાપુનગરઃ** કનુભાઈ તળશીભાઈ મકવાણા (ઉ.વ.૬૨) (રહે.ચાંદાભાઈની ચાલી ભક્તિનગર પાસે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૮/૨૦૨૨ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે સીડી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.જાદવ ચલાવે છે.

**નિકોલઃ** મહેશભાઇ રમેશભાઇ મોદી (ઉ.વ.૪૬) (રહે. ઇન્દીરા વસાહત હુડકો કઠવાડા તા.દસક્રોઇ જી.અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૮/૨૦૨૨ બપોરના ૧૨/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન રાતના ૮/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એસ.અસોડા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી